# ‘અરિહંતચેઈઆણં’ના કાયોત્સર્ગમાં આવતા શ્રદ્ધાદિ પાંચ ગુણો

દેવવંદન, ચૈત્યવંદન અને પ્રતિક્રમણાદિ ક્રિયામાં બોલવામાં આવતા ‘અરિહંતચેઈઆણં’ના કાઉસ્સગ્ગમાં “सद्धाए, मेहाए, धीइए, धारणाए, अणुप्पेहाए”—એ પાંચ ગુણો જે આવે છે, તેનું વિવેચન ‘દેવદર્શન’ નામક ગ્રન્થરત્નની કરેલ ફુટનોટમાંથી સમજવા યોગ્ય ઉપયોગી ધારી આ નીચે આપવામાં આવે છે.

૧. **सद्धाए**–(શ્રદ્ધાવડે.) શ્રદ્ધા એ મિથ્યાત્વમોહનીયકર્મના ક્ષયોપશમાદિથી જન્ય ચિત્તની નિજ અભિલાષારૂપ એક પ્રકારની પ્રસન્નતા છે. આ શ્રદ્ધા જીવાદિ તાત્ત્વિક પદાર્થને અનુસરનારી, ભ્રાંતિનો નાશ કરનારી તથા કર્મફળ, કર્મસંબંધ અને કર્મના અસ્તિત્વની સમ્યક્ પ્રતીતિ કરાવનારી છે. શાસ્ત્રમાં એને ‘ઉદકપ્રસાદકમણિ’ની ઉપમા આપવામાં આવી છે. સરોવરમાં નાંખેલ ‘ઉદકપ્રસાદમણિ’ જેમ પંકાદિ કાલુષ્યને દૂર કરી સ્વચ્છતાને પમાડે છે, તેમ શ્રદ્ધામણિ પણ ચિત્તરૂપી સરોવરમાં રહેલ સંશય-વિપર્યયાદિ કાલુષ્યને દૂર કરી ભગવાન્ શ્રી અરિહંતપ્રણિત માર્ગ ઉપર સમ્યગ્ભાવ ઉત્પન્ન કરે છે.

૨. **मेहाए**–(મેધાવડે.) મેધા એ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતો ગ્રન્થગ્રહણ પટુ પરિણામ–એક પ્રકારનો સદ્ગ્રન્થમાં પ્રવૃત્તિ કરાવનારો પરિણામ છે અને પાપ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુતની અવજ્ઞા કરાવનારો તથા ગુરુવિનયાદિ વિધિમાં જોડનારો ચિત્તનો ધર્મ છે. શાસ્ત્રમાં એને 'આતુર ઔષધાપ્તિ-ઉપાદેયતા'ની ઉપમા આપવામાં આવી છે. જેમ કોઇ બુદ્ધિમાન રોગીને ઉત્તમ ઔષધની પ્રાપ્તિ થાય અને તેના વિશિષ્ટ ફલનો અનુભવ થાય, ત્યારે અન્ય સર્વ વસ્તુને દૂર કરી તેના ઉપર જ તેને મહાન્ ઉપાદેયભાવ અને ગ્રહણ કરવાનો આદર રહે છે; તેમ મેધાવી પુરુષોને પોતાની મેધા (બુદ્ધિ)ના સામર્થ્યથી સદ્ગ્રન્થને વિષે જ અત્યંત ઉપાદેયભાવ અને ગ્રહણાદર રહે છે, પણ બીજા ઉપર રહેતો નથી; કારણ કે-સદ્ગ્રન્થોને તેઓ ભાવ ઔષધરૂપ માને છે.

૩. **धीइए**-(ધૃતિવડે.) ધૃતિ એ મોહનીયકર્મના ક્ષયોપશમાદિથી ઉત્પન્ન થતી વિશિષ્ટ પ્રીતિ છે. અવન્ધ્ય કલ્યાણના કારણભૂત વસ્તુની પ્રાપ્તિના દૃષ્ટાંતવડે આ પ્રીતિ દીનતા અને ઉત્સુકતાથી રહિત તથા ધીર અને ગંભીર આશયરૂપ હોય છે. શાસ્ત્રમાં એને 'દૌર્ગત્યથી હણાએલાને ચિન્તામણીની પ્રાપ્તિ'ની ઉપમા આપવામાં આવી છે. જેમ દૌર્ગત્ય-દરિદ્રતાથી ઉપહત થયેલાને ચિન્તામણિરત્નની પ્રાપ્તિ થાય અને તેના ગુણ માલુમ પડે ત્યારે '**गतमिदानीं दौर्गत्यं**' 'હવે દરિદ્રપણું ગયું'-એ જાતિની માનસિક ધૃતિ-સંતોષ ઉત્પન્ન થાય છે, તેમ જિનધર્મરૂપી ચિન્તામણિરત્નની પ્રાપ્તિ થવાથી અને તેનો મહિમા માલુમ પડવાથી '**कइदानीं संसारः**'-'હવે સંસાર કોણ માત્ર છે?' એ જાતિની દુઃખની ચિન્તાથી રહિત માનસિક લાગણી ઉત્પન્ન થાય છે.

૪. **धारणाए**-(ધારણાવડે.) ધારણા એ જ્ઞાનાવરણીય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થનારી, પ્રસ્તુત એક વસ્તુને વિષય કરનારી તથા અવિચ્યુતિ, સ્મૃતિ અને વાસનારૂપ ભેદવાળી ચિત્તપરિણતિ છે. શાસ્ત્રમાં એને ‘ સાચા મોતીની માલાને પરોવવા ’ના દૃષ્ટાંતની સાથે સરખાવી છે. તેવા પ્રકારના ઉપયોગની દૃઢતાથી તથા યથાયોગ્ય અવિક્ષિપ્તપણે સ્થાનાદિ યોગમાં પ્રવૃત્ત થવાથી યોગરૂપી ગુણની માળા નિષ્પન્ન થાય છે.

૫. अणुप्पेहाए–(અનુપ્રેક્ષાવડે.) અનુપ્રેક્ષા એ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલો અનુભૂત અર્થના અભ્યાસનો એક પ્રકાર, પરમ સંવેગનો હેતુ, ઉત્તરોત્તર વિશેષ ને વિશેષ પ્રતીતિ કરાવનાર કેવલજ્ઞાનની સન્મુખ લઈ જનારો ચિત્તનો ધર્મ છે. શાસ્ત્રમાં એને ‘રત્નશોધક અનલ’ની ઉપમા આપવામાં આવી છે. રત્નને પ્રાપ્ત થયેલો રત્નશોધક અનલ–અગ્નિ જેમ રત્નના મલને બાળી નાંખી શુદ્ધિ પેદા કરે છે, તેમ આત્મરત્નને પ્રાપ્ત થયેલો અનુપ્રેક્ષારૂપી અનલ કર્મમલને બાળી નાંખી કૈવલ્યને પેદા કરે છે; કારણ કે–તેનો તેવો સ્વભાવ જ છે. **‘અરિહંતચેઈઆણં ’નું સળંગ સૂત્રપદ** નીચે પ્રમાણે છેઃ—

**‘ अरिहंतचेइयाणं करेमि काउस्सग्गं–वंदणवत्तियाए पूअणवत्तियाए सक्कारवत्तियाए सम्माणवत्तियाए बोहिलाभवत्तियाए निरुवसग्गवत्तियाए, सद्धाए मेहाए धीइए धारणाए अणुप्पेहाए वड्ढमाणीए ठामि काउस्सग्गं । ’**

**અર્થ**–‘ અરિહંતોના પ્રતિમાલક્ષણ ચૈત્યોને વન્દનાદિ કરવા માટે કાયોત્સર્ગ કરું છું. વન્દન નિમિત્તે-વન્દન એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મન-વચન-કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ, (કાયોત્સર્ગથી જ મને વન્દનનું ફળ કેવી રીતે મળે ? એમ સર્વત્ર સમજી લેવું.) પૂજન નિમિત્તે, સત્કાર નિમિત્તે, સન્માન નિમિત્તે, બોધિ-લાભ નિમિત્તે, નિરુપસર્ગ-મોક્ષ નિમિત્તે, વધતી એવી શ્રદ્ધા-વડે, મેધાવડે, ધૃતિવડે, ધારણાવડે અને અનુપ્રેક્ષાવડે કાયો-ત્સર્ગમાં સ્થિત રહું છું.'

વધતી કિન્તુ અવસ્થિત નહિ. વધતી શ્રદ્ધા, વધતી મેધા, વધતી ધૃતિ, વધતી ધારણા અને વધતી અનુપ્રેક્ષા.

શ્રદ્ધાથી રહિત આત્માને કાયોત્સર્ગ કરવા છતાં અભિલષિત અર્થની સિદ્ધિ માટે થતો નથી, માટે 'सद्धाए' ઈત્યાદિ પદો કહેલાં છે.

આ રીતે ભગવાન શ્રી અરિહંતની પ્રતિમાને વન્દનાદિ નિમિત્તે કાયોત્સર્ગ કરવામાં આવે છે. આ શ્રદ્ધાદિ પાંચ ગુણો અપૂર્વકરણ નામની મહાસમાધિના બીજ છે. તેના પરિપાક અને અતિશયથી '**અપૂર્વકરણ**'ની પ્રાપ્તિ થાય છે. કુતર્કોથી ઉત્પન્ન થતા મિથ્યા વિકલ્પોને દૂર કરી શ્રવણ, પઠન, પ્રતિપત્તિ, ઇચ્છા અને પ્રવૃત્તિમાં જોડાવું એ એનો પરિપાક છે તથા સ્થૈર્ય અને સિદ્ધિ પ્રાપ્ત કરવી એ એનો અતિશય છે. શ્રદ્ધાદિ ગુણોના પરિપાક અને અતિ-શયથી પ્રધાન પરોપકારના હેતુભૂત 'અપૂર્વકરણ' નામના ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે.

લાભનો ક્રમ પણ એ રીતે જ છે. શ્રદ્ધાથી મેધા, મેધાથી ધૃતિ, ધૃતિથી ધારણા અને ધારણાથી અનુપ્રેક્ષા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા વૃદ્ધિનો ક્રમ પણ એ રીતે જ છે. શ્રદ્ધાની વૃદ્ધિથી મેધાની વૃદ્ધિ, મેધાની વૃદ્ધિથી ધૃતિની વૃદ્ધિ, ધૃતિની વૃદ્ધિથી ધારણાની વૃદ્ધિ અને ધારણાની વૃદ્ધિથી અનુપ્રેક્ષાની વૃદ્ધિ થાય છે.

## આત્માની સ્વતંત્રતા

દરેક જીવ પોતાના કર્મવડે પોતાની કાર્ય કરવાની શક્તિ ઉત્પન્ન કરે છે, તેમજ પોતાની અમુક શરીરમાં, દેશમાં, કાળમાં કે ભાવમાં રહેવાની મર્યાદા પણ પોતે જ બાંધે છે; છતાં આ મર્યાદાને વધારવા કે શક્તિઓને ખીલવવા તે કેવળ સ્વતંત્ર છે. આ મર્યાદા અને શક્તિને સંકુચિત પણ એ જ જીવ કરી શકે છે.

કર્મના જે બંધન મનુષ્યને નડે છે તે તેણે પોતે જ બાંધેલાં છે. એ બંધનોને મજબુત કરવાં કે ઢીલાં કરવાં અથવા તોડવા એ તેના જ હાથમાં છે. કુંભાર જેમ માટી લઇને તેમાંથી નવા નવા ઘાટ ઘડે છે, તેમ જીવ પણ કર્મદ્વારા–પરિણામે કરી નવા નવા કર્મનો સંગ્રહ કરે છે અને ઘાટ ઘડે છે.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org